ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/03/૨૦-૨૧/ 9773 તારીખ : 14 AUG 2020

કેસ નં03/૨૦-૨૧

પ્રતિશ્રી ,
**નાનુભાઈ ગેમાભાઈ મોરી,**
મુ. થોરાળી, તા. શિહોર,
તા. જી. ભાવનગર.

**મો : ૯૯૬૨૫૪૩૪૫૫ .**

**વિષય : અન્યના બાકી બીલની ઉઘરાણી બાબત.**

સંદર્ભ :૧) આપનો પત્ર તા. ૧૮.03.૨૦.

માનનીય શ્રી,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

કન્વીનર,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.

**બિડાણ:– ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **ગ્રામ્ય ભાવનગર.**

**નકલ રવાના:–**

૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **ભાવનગર.**

૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, **ગ્રામ્ય શિહોર.**

...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પી.જી.વી.સી.એલ, ઝોનલ કચેરી,
ભાવનગર.

## ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ કેસ નં. 03/૨૦-૨૧ નો હુકમ

વાદી નાનુભાઈ ગેમાભાઈ મોરી, ગામ : મુ. થોરાળી, તા. શિહોર, દ્વારા તેમના અન્યના બાકી બીલની ઉઘરાણી બાબત ને લઇને તકરાર ઉભી થતા રજૂઆત કરેલ. જેની ફોરમ દ્વારા પત્ર અત્રેની કચેરીનો પત્ર નં ઝેડ/ફોરમ /03/૨૦-૨૧/૧૫૨૮ તા.૨૭.૦૪.૨૦. થી પ્રતિવાદીની કચેરીને યોગ્ય કરવા જાણ કરવામાં આવેલ.

વાદીની સદર ફરિયાદના અનુસંધાને વાદીની ફરિયાદને ધ્યાને લઇ પ્રતિવાદીની શિહોર ગ્રામ્ય પેટા વિભાગીય કચેરીના નાયબ ઈજનેર દ્વારા ખરાઈ કરી ગ્રા.ન. ૩૬૫૨૪/૦૫૦૯૫/૭ અરજદારના નામે થી કાઢીને નારસંગભાઇ સાદાભાઈ મોરીના નામે ફેરફાર કરી આપેલ છે તથા તે બાબતની જાણ અરજદારને પત્ર ન. ૪૨૮૬ તા. 30.0૬.૨0 થી પણ કરી આપેલ છે. અને અરજદારની ફરિયાદનું હકારાત્મક નિવારણ કરી આપેલ છે. આમ, વાદીની ફરિયાદનું સંતોષકારક રીતે નિરાકરણ કરવામાં આવેલ છે

આમ, પ્રતિવાદી દ્વારા કરવામાં આવેલ કાર્યવાહી તથા તેમના પત્ર ન. ૪૪૪૯ તા. 30.0૬.૨૦ થી તેમજ વાદી, દ્વારા પણ આજરોજ ફોરમને સાથેની ટેલીફોનીક વાતચીત દરમ્યાન પત્ર મળ્યા બાબતની તેમજ હવે કોઈ જુના બાકી લેણાં માટે પ્રતિવાદીની કચેરી એથી આવતું ન હોવાનું જણાવેલ છે. આમ. કોવીડ-૧૯ મહામારીને કારણે હાલ રૂબરૂ સુનાવણી ના થઇ શકવાને કારણે ઉપરોક્ત બાબતોને ધ્યાને લઇ જણાય છે કે અરજદારની ફરિયાદનો સંતોષકારક નિકાલ થયેલ છે અને સુખદ નિરાકરણ કરવામાં આવેલ છે. અને હવે વાદીને કોઈ ફરિયાદ રહેતી નથી, આમ, હવે કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ તે મુજબ વાદીની સદર ફરિયાદનો નિકાલ કરવામાં આવેલ છે.

આમ છતાં વાદીને સદર હુકમ સામે વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ-30 માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં 3, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

ગેરહાજર
સ્વતંત્ર સભ્યશ્રી

(પી. એન. આજકીયા)
ટેકનીકલ સભ્યશ્રી

(એમ. આર. વજરીયા)
અધ્યક્ષશ્રી,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

તારીખ : ૧૩.૦૮.૨૦